27.08.2025 પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

"મીઠાં બાળકો - પોતાની સતોપ્રધાન તકદીર બનાવવા માટે યાદ માં રહેવાનો ખૂબ પુરુષાર્થ કરો, સદા યાદ રહે હું આત્મા છું, બાપ પાસે થી પૂરો વારસો લેવાનો છે"

**પ્રશ્ન :-** બાળકો ને યાદ નો ચાર્ટ રાખવાનું મુશ્કેલ કેમ લાગે છે ?

**ઉત્તર :-** કારણકે ઘણાં બાળકો યાદ ને યથાર્થ સમજતા જ નથી. બેસે છે યાદ માં અને બુદ્ધિ બહાર ભટકે છે. શાંત નથી થતી. તે પછી વાયુમંડળ ને ખરાબ કરે છે. યાદ કરતા જ નથી તો ચાર્ટ પછી કેવી રીતે લખે. જો કોઈ જુઠ્ઠું લખે છે તો ખૂબ જ દંડ પડી જાય છે. સાચાં બાપ ને સાચ્ચું બતાવવું પડે.

**ગીત :-** તકદીર જગાકર આઈ હૂઁ...

ઓમ્ શાંતિ ! રુહાની બાળકો ને તો પણ રુહાની બાપ રોજ-રોજ સમજાવે છે કે જેટલું થઈ શકે દેહી-અભિમાની બનો. પોતાને આત્મા નિશ્ચય કરો અને બાપ ને યાદ કરો કારણકે તમે જાણો છો આપણે એ બેહદ નાં બાપ પાસે બેહદ સુખ ની તકદીર બનાવવા આવ્યાં છીએ. તો જરુર બાપ ને યાદ કરવા પડે. પવિત્ર સતોપ્રધાન બન્યાં વગર સતોપ્રધાન તકદીર બનાવી ન શકાય. આ તો સારી રીતે યાદ કરો. મૂળ વાત છે જ એક. આ તો પોતાની પાસે લખી દો. હાથ પર નામ લખે છે ને? તમે પણ લખી દો - અમે આત્મા છીએ, બેહદ નાં બાપ પાસે થી અમે વારસો લઈ રહ્યાં છીએ કારણકે માયા ભૂલાવી દે છે એટલે લખેલું હશે તો ઘડી-ઘડી યાદ રહેશે. મનુષ્ય ઓમ્ નાં તથા શ્રીકૃષ્ણ વગેરે નાં ચિત્ર પણ લગાવે છે યાદ માટે. આ તો છે નવાં માં નવી યાદ. આ ફક્ત બેહદ નાં બાપ જ સમજાવે છે. આને સમજવાથી તમે સૌભાગ્યશાળી તો શું પદમ ભાગ્યશાળી બનો છો. બાપ ને ન જાણવાના કારણે, યાદ ન કરવાના કારણે કંગાળ બની ગયા છે. એક જ બાપ છે જે સદૈવ માટે જીવન ને સુખી બનાવવા આવ્યાં છે. ભલે યાદ પણ કરે છે પરંતુ જાણતા બિલકુલ નથી. વિલાયત વાળા પણ સર્વવ્યાપી કહેવાનું ભારતવાસીઓ થી શીખ્યાં છે. ભારત ઉતર્યું, તો બધા ઉતર્યા છે. ભારત જ રેસપોન્સિબલ (જવાબદાર) છે પોતાને પાડવા માટે અને બધાને પાડવા માટે. બાપ કહે છે હું પણ અહીં જ આવીને ભારત ને સ્વર્ગ સચખંડ બનાવું છું. એવું સ્વર્ગ બનાવવા વાળાની કેટલી ગ્લાનિ કરી દીધી છે! ભૂલી ગયા છે એટલે લખેલું છે યદા યદાહિ... આનો પણ અર્થ બાપ જ આવીને સમજાવે છે. બલિહારી એક બાપ ની છે. હમણાં તમે જાણો છો બાપ આવે છે જરુર, શિવ-જયંતિ મનાવે છે. પરંતુ શિવ-જયંતિ ની કદર બિલકુલ નથી. હમણાં આપ બાળકો સમજો છો જરુર થઈને ગયા છે, જેમની જયંતિ મનાવે છે. સતયુગી આદિ સનાતન દેવી-દેવતા ધર્મ ની સ્થાપના એ જ કરે છે. બીજા બધા જાણે છે કે અમારો ધર્મ ફલાણાએ ફલાણા સમયે સ્થાપન કર્યો. તેની પહેલાં છે જ દેવી-દેવતા ધર્મ. તેને બિલકુલ જ નથી જાણતા કે આ ધર્મ ક્યાં લોપ થઈ ગયો. હમણાં બાપ આવીને સમજાવે છે - બાપ જ સૌથી ઊંચા છે, બીજા કોઈની મહિમા નથી. ધર્મસ્થાપક ની મહિમા શું હશે? બાપ જ પાવન દુનિયા ની સ્થાપના અને પતિત દુનિયાનો વિનાશ કરાવે છે અને તમને માયા પર જીત પહેરાવે છે. આ બેહદ ની વાત છે. રાવણ નું રાજ્ય આખી બેહદ ની દુનિયા પર છે. હદ ની લંકા વગેરે ની વાત નથી. આ હાર-જીત ની કહાણી પણ આખા ભારત ની જ છે. બાકી તો બાયપ્લૉટ છે. ભારત માં જ ડબલ સિરતાજ અને સિંગલ તાજ રાજાઓ બને છે અને જે પણ મોટા-મોટા બાદશાહ થઈને ગયા છે, કોઈ નાં પર પણ લાઈટ નો તાજ નથી હોતો દેવી-દેવતાઓ સિવાય. દેવતાઓ તો છતાં પણ સ્વર્ગ નાં માલિક હતાં ને? હવે શિવબાબા ને કહેવાય જ છે પરમપિતા, પતિત-પાવન. એમને લાઈટ કયાં આપશો? લાઈટ ત્યારે આપે જ્યારે વગર લાઈટ વાળા પતિત પણ હોય. તે ક્યારેય વગર લાઈટ વાળા બનતા જ નથી. બિંદુ પર લાઈટ કેવી રીતે આપી શકશે? થઈ ન શકે. દિવસે-દિવસે તમને ખૂબ ગુહ્ય-ગુહ્ય વાતો સમજાવતા રહે છે, જે જેટલું બુદ્ધિ માં બેસાડી શકે. મુખ્ય છે જ યાદ ની યાત્રા. આમાં માયા નાં વિઘ્ન ખૂબ પડે છે. ભલે કોઈ યાદ નાં ચાર્ટ માં ૫૦-૬૦ ટકા પણ લખે છે પરંતુ સમજતા નથી કે યાદ ની યાત્રા કોને કહેવાય છે. પૂછતાં રહે છે - આ વાત ને યાદ કહીએ? ખૂબ મુશ્કેલ છે. તમે અહીં ૧૦-૧૫ મિનિટ બેસો છો, તેમાં પણ ચેક કરો - યાદ માં સારી રીતે રહો છો? ઘણાં છે જે યાદ માં રહી નથી શકતાં પછી તે વાયુમંડળ ને ખરાબ કરી દે છે. ઘણાં છે જે યાદ માં ન રહેવાથી વિઘ્ન નાખે છે. આખો દિવસ બુદ્ધિ બહાર ભટકતી રહે છે. તો અહીં થોડી શાંતિ હશે, એટલે યાદ નો ચાર્ટ પણ રાખતા નથી. જુઠ્ઠું લખવાથી તો વધારે જ દંડ પડે. ઘણાં બાળકો

ભૂલ કરે છે, છૂપાવે છે. સાચ્ચું બતાવતા નથી. બાપ કહે અને સાચ્ચું ન બતાવે તો કેટલો દોષ થઈ જાય? કેટલું પણ વધારે ગંદુ કામ કર્યુ હશે તો પણ સાચ્ચું બતાવવા માં શરમ આવશે. વધારે કરીને બધા જુઠ્ઠું બતાવશે. જુઠી માયા, જુઠી કાયા... છે ને? એકદમ દેહ-અભિમાન માં આવી જાય છે. સાચ્ચું સંભળાવવું તો સારું જ છે બીજા પણ શીખશે. અહીં સાચ્ચું બતાવવાનું છે. નોલેજ ની સાથે-સાથે યાદ ની યાત્રા પણ જરુરી છે કારણકે યાદ ની યાત્રા થી જ પોતાનું અને વિશ્વ નું કલ્યાણ થવાનું છે. નોલેજ સમજાવવા માટે ખૂબ સહજ છે. યાદ માં જ મહેનત છે. બાકી બીજ થી ઝાડ કેવી રીતે નીકળે છે, તે તો બધાને ખબર રહે છે. બુદ્ધિ માં ૮૪ નું ચક્ર છે, બીજ અને ઝાડ ની નોલેજ હશે ને? બાપ તો સત્ય છે, ચૈતન્ય છે, જ્ઞાન નાં સાગર છે. એમનાં માં નોલેજ છે સમજાવવા માટે. આ છે બિલકુલ અનકોમન (અસાધારણ) વાત. આ મનુષ્ય સૃષ્ટિ નું ઝાડ છે. આ પણ કોઈ નથી જાણતું. બધા નેતી-નેતી કરતા ગયાં. ડ્યુરેશન (સમયગાળા) ને જ નથી જાણતા તો બાકી શું જાણશે? તમારા માં પણ ખૂબ થોડા છે જે સારી રીતે જાણે છે, એટલે સેમિનાર પણ બોલાવે છે. પોત-પોતાની સલાહ આપો. સલાહ તો કોઈ પણ આપી શકે છે. એવું નથી કે જેમનાં નામ છે એમને જ આપવાની છે. અમારું નામ નથી અમે કેવી રીતે આપીએ? ના, કોઈને પણ સર્વિસ (સેવા) અર્થ કોઈ સલાહ હોય, એડવાઇઝ હોય લખી શકો છો. બાપ કહે છે કોઈ પણ સલાહ હોય તો લખવું જોઈએ. બાબા આ યુક્તિ થી સર્વિસ ખૂબ વધી શકે છે. કોઈ પણ સલાહ આપી શકે છે. જોશે કયા-કયા પ્રકાર ની સલાહ આપી છે. બાબા તો કહેતાં રહે છે - કઈ યુક્તિ થી આપણે ભારત નું કલ્યાણ કરીએ, સૌને સંદેશ આપીએ, પરસ્પર વિચાર કરો, લખીને મોકલો. માયા એ બધાને સુવડાવી દીધાં છે. બાપ આવે જ છે જ્યારે મોત સામે હોય છે. હવે બાપ કહે છે બધાની વાનપ્રસ્થ અવસ્થા છે, ભણો ન ભણો, મરવાનું જરુર છે. તૈયારી કરો ન કરો, નવી દુનિયા જરુર સ્થાપન થવાની છે. સારા-સારા બાળકો જે છે તે પોતાની તૈયારી કરી રહ્યાં છે. સુદામા નું પણ દૃષ્ટાંત ગવાયેલું છે - ચોખા મુઠ્ઠી લઈ આવ્યાં. બાબા અમને પણ મહેલ મળવા જોઈએ, છે જ એમની પાસે ચોખા મુઠ્ઠી તો શું કરશે? બાબાએ મમ્મા નું દૃષ્ટાંત બતાવ્યું છે-ચોખા મુઠ્ઠી પણ નથી લઈ આવી. પછી કેટલું ઊંચ પદ મેળવી લીધું, આમાં પૈસા ની વાત નથી. યાદ માં રહેવાનું છે અને આપ સમાન બનાવવાનાં છે. બાબા ની તો કોઈ ફી વગેરે નથી. સમજે છે અમારી પાસે પૈસા પડ્યા છે તો કેમ નહીં યજ્ઞ માં સ્વાહા કરી દઈએ. વિનાશ તો થવાનો જ છે. બધું વ્યર્થ થઈ જશે. આમાં કાંઈક તો સફળ કરીએ. દરેક મનુષ્ય કાંઈ ને કાંઈ દાન-પુણ્ય વગેરે જરુર કરે છે. તે છે પાપ આત્માઓ નું પાપ આત્માઓ ને દાન-પુણ્ય. તો પણ તેનું અલ્પકાળ માટે ફળ મળી જાય છે. સમજો કોઈ યુનિવર્સિટી, કોલેજ વગેરે બનાવે છે, પૈસા વધારે છે, ધર્મશાળા વગેરે બનાવી દે છે તો તેમને મકાન વગેરે સારા મળી જશે. તો પછી પણ બીમારી વગેરે તો થશે ને? સમજો કોઈએ હોસ્પિટલ વગેરે બનાવી હશે તો તેમની તંદુરસ્તી સારી રહેશે. પરંતુ તેનાથી બધી કામનાઓ તો સિદ્ધ થતી નથી. અહીં તો બેહદ નાં બાપ દ્વારા તમારી બધી કામનાઓ પૂરી થઈ જાય છે.

તમે બનો છો પાવન તો બધા પૈસા વિશ્વ ને પાવન બનાવવામાં લગાવવા સારું છે ને? મુક્તિ-જીવનમુક્તિ આપો છો તે પણ અડધાકલ્પ માટે. બધા કહે છે અમને શાંતિ કેવી રીતે મળે? એ તો શાંતિધામ માં મળે છે અને સતયુગ માં એક ધર્મ હોવાનાં કારણે ત્યાં અશાંતિ હોતી નથી. અશાંતિ હોય છે રાવણ રાજ્ય માં. ગાયન પણ છે ને - રામ રાજા રામ પ્રજા... તે છે અમરલોક. ત્યાં અમરલોક માં મરવાનો શબ્દ હોતો નથી. અહીં તો બેઠાં- બેઠાં અચાનક મરી જાય છે, આને મૃત્યુલોક તેને અમરલોક કહેવાય છે. ત્યાં મરવાનું હોતું નથી. જૂનું એક શરીર છોડી પછી બાળક બની જાય છે. રોગ થતા નથી. કેટલો ફાયદો થાય છે. શ્રી શ્રી ની મત પર તમે એવરહેલ્દી (સદા સ્વસ્થ) બનો છો. તો આવાં રુહાની સેવાકેન્દ્ર કેટલાં ખુલવા જોઈએ. થોડા પણ આવે છે તે ઓછું છે શું? આ સમયે કોઈ પણ મનુષ્ય ડ્રામા નાં ડ્યુરેશન (અવધિ) ને નથી જાણતાં. પૂછશે તમને પછી આ કોણે શીખવાડ્યું છે. અરે, અમને બતાવવા વાળા બાપ છે. આટલાં બધા બી.કે. છે. તમે પણ બી.કે. છો. શિવબાબા નાં બાળકો છો. પ્રજાપિતા બ્રહ્મા નાં પણ બાળકો છો. આ છે હ્યુમેનીટી (મનુષ્ય) નાં ગ્રેટ-ગ્રેટ ગ્રેન્ડ ફાધર. આમનાં દ્વારા અમે બી.કે. નીકળ્યાં છીએ. સંપ્રદાય હોય છે ને? તમારો દેવી-દેવતાઓ નો કુળ બહુજ સુખ આપવા વાળો છે. અહીંયા તમે ઉત્તમ બનો છો પછી ત્યાં જ રાજ્ય કરો છો. આ કોઈની બુદ્ધિ માં રહી ન શકે. આ પણ બાળકો ને સમજાવ્યું છે દેવતાઓ નાં પગ આ તમોપ્રધાન દુનિયા માં પડી ન શકે. જડ ચિત્ર નો પડછાયો પડી શકે છે, ચૈતન્ય નો નથી પડી શકતો. તો બાપ સમજાવે છે - બાળકો, એક તો યાદ ની યાત્રા માં રહો, કોઈ પણ વિકર્મ ન કરો અને સર્વિસ ની યુક્તિયો કાઢો. બાળકો કહે છે - બાબા, અમે તો લક્ષ્મી-નારાયણ જેવાં બનીશું. બાબા કહે છે તમારા મુખ માં ગુલાબ પરંતુ એનાં માટે મહેનત પણ કરવાની છે. ઊંચ પદ મેળવવું છે તો આપ સમાન બનાવવાની સેવા કરો. તમે એક દિવસ જોશો - એક-એક પન્ડા પોતાની સાથે ૧૦૦-૨૦૦ યાત્રી પણ લઈ આવશે. આગળ ચાલી જોતા

રહેશો. પહેલે થી થોડી કાંઈ કહી શકે છે! જે થતું રહેશે તે જોતા રહેશે.

આ બેહદ નો ડ્રામા છે. તમારો છે સૌથી મુખ્ય પાર્ટ બાપ ની સાથે, જે તમે જૂની દુનિયા ને નવી બનાવો છો. આ છે પુરુષોત્તમ સંગમયુગ. હવે તમે સુખધામ નાં માલિક બનો છો. ત્યાં દુઃખ નું નામ-નિશાન નહીં હશે. બાપ છે જ દુઃખહર્તા, સુખકર્તા. દુઃખ થી આવીને લિબ્રેટ (મુક્ત) કરે છે. ભારતવાસી પછી સમજે છે આટલું ધન છે, મોટા-મોટા મહેલ છે, વીજળીઓ છે, બસ આ જ સ્વર્ગ છે. આ બધો છે માયા નો પામ્પ. સુખ માટે સાધન ખૂબ કરે છે. મોટા-મોટા મહેલ મકાન બનાવે છે પછી મોત કેવી રીતે અચાનક થઈ જાય છે, ત્યાં મરવાનો ડર નથી. અહીં તો અચાનક મરી જાય છે પછી કેટલો શોક કરે છે. પછી સમાધિ પર જઈને આંસુ વહાવે છે. દરેક નાં પોત-પોતાનાં રીત-રિવાજ છે. અનેક મત છે. સતયુગ માં આવી વાત હોતી નથી. ત્યાં તો એક શરીર છોડી બીજું લઈ લે છે. તો તમે કેટલાં સુખ માં જાઓ છો. તેનાં માટે કેટલો પુરુષાર્થ કરવો જોઈએ. કદમ-કદમ પર મત લેવી જોઈએ. ગુરુ ની કે પતિ ની મત લે છે અથવા તો પોતાની મત થી ચાલવાનું હોય છે. આસુરી મત શું મદદ આપશે? આસુરી તરફ જ ધકેલશે. હમણાં તમને મળે છે ઈશ્વરીય મત, ઊંચા માં ઊંચી એટલે ગવાયેલ પણ છે - શ્રીમત ભગવાનુવાચ. આપ બાળકો શ્રીમત થી આખાં વિશ્વ ને હેવન (સ્વર્ગ) બનાવો છો. તે હેવન નાં તમે માલિક બનો છો એટલે તમારે દરેક કદમ પર શ્રીમત લેવાની છે પરંતુ કોઈની તકદીર માં નથી તો પછી મત પર ચાલતાં નથી. બાબાએ સમજાવ્યું છે કોઈને પણ પોતાની કાંઈ અક્કલ હોય, સલાહ હોય તો બાબાને મોકલી દે. બાબા જાણે છે કોણ-કોણ સલાહ આપવા લાયક છે. નવાં-નવાં બાળકો નીકળતા રહે છે. બાબા તો જાણે છે ને કયા સારા-સારા બાળકો છે. દુકાનદારોએ પણ સલાહ કરવી જોઈએ-એવાં યત્ન કરીએ જે બાપ નો પરિચય મળે. દુકાન માં પણ બધાને યાદ કરાવતા રહે. ભારત માં જ્યારે સતયુગ હતો તો એક ધર્મ હતો. આમાં નારાજ થવાની તો વાત જ નથી. બધાનાં એક બાપ છે. બાપ કહે છે મામેકમ્ યાદ કરો તો તમારા વિકર્મ વિનાશ થઈ જાય. સ્વર્ગ નાં માલિક બની જશો. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. શ્રીમત પર ચાલીને આખા વિશ્વ ને સ્વર્ગ બનાવવાની સેવા કરવાની છે, અનેક ને આપ સમાન બનાવવાનાં છે. આસુરી મત થી પોતાની સંભાળ કરવાની છે.
2. યાદ ની મહેનત થી આત્મા ને સતોપ્રધાન બનાવવાનો છે. સુદામા ની જેમ જે પણ ચોખા મુઠ્ઠી છે તે બધું સફળ કરી પોતાની સર્વ કામનાઓ સિદ્ધ કરવાની છે.

વરદાન :- એક બાપ બીજું ન કોઈ - આ દૃઢ સંકલ્પ દ્વારા અવિનાશી , અમર ભવ

જે બાળકો આ દૃઢ સંકલ્પ કરે છે કે એક બાપ બીજું ન કોઈ... એમની સ્થિતિ સ્વતઃ અને સહજ એકરસ થઈ જાય છે. આ જ દૃઢ સંકલ્પ થી સર્વ સંબંધો નો અવિનાશી તાર જોડાય છે અને એમને સદા અવિનાશી ભવ, અમર ભવ નું વરદાન મળી જાય છે. દૃઢ સંકલ્પ કરવા થી પુરુષાર્થ માં પણ વિશેષ રુપ થી લિફ્ટ મળે છે. જેમનો એક બાપ સાથે સર્વ સંબંધ છે એમને સર્વ પ્રાપ્તિ સ્વતઃ થઈ જાય છે.

સ્લોગન :- વિચારવું-બોલવું અને કરવું ત્રણેય ને એક સમાન બનાવો- ત્યારે કહેવાશે સર્વોત્તમ પુરુષાર્થી.

અવ્યક્ત ઈશારા - સહજયોગી બનવું છે તો પરમાત્મ-પ્રેમ નાં અનુભવી બનો

જે સમયે જે સંબંધ ની આવશ્યક્તા હોય, એ સંબંધ થી ભગવાન ને પોતાનાં બનાવી લો. દિલ થી કહો મારા બાબા, અને બાબા કહે મારું બાળક, આ જ સ્નેહ નાં સાગર માં સમાઈ જાઓ. આ સ્નેહ છત્રછાયા નું કામ કરે છે, આની અંદર માયા આવી નથી શકતી, આ જ સહજયોગી બનવાનું સાધન છે.